૪૦૨૨૬-૨૮

ક્રમાંક:મામ/વસુ/બોન્ડ/માહિતી/ /૨૦૧૯

આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી

શિક્ષણ (ત.શિ.) ના કમિશ્નરશ્રીની કચેરી,

બ્લોક નં. ૪/૩ માળ, ડો. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર – ૩૮૨૦૧૦

તા. ૨૬/૧૨/૨૦૧૯

પ્રતિ

ડીનશ્રી,

સી.યુ.શાહ મેડીકલ કોલેજ,

સુરેન્દ્રનગર.

વિષય:- બોન્ડની નવી નીતિની અમલવારી બાબતે...

સંદર્ભ:- (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક: એમસીજી/૧૦૧૯/એસએફએસ-૨૬/જ, તા. ૧૪/૦૮/૨૦૧૯.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં પત્ર ક્રમાંક: એમસીજી/૧૦૧૯/એસએફએસ-૧૩૭/જ, તા. ૦૪/૧૨/૨૦૧૯

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ (૧) દર્શિત ઠરાવથી ગુજરાત સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY), મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધી યોજના, અનુસુચિત જનજાતિ તેમજ અનુસુચિત જાતિના પાત્રતા ધરાવતા અને ફ્રી શીપ કાર્ડ વગેરેનો લાભ મેળવતા અને રાજ્યની સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓ પાસેથી રાજયમાં ગ્રામીણ સેવાઓ બજાવવા સબબ બોન્ડની જોગવાઇ કરવામાં આવેલ છે.

ઉપરોકત ઠરાવથી આપની સંસ્થામાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને પણ (જેઓ MYSY, MKKN અને ફ્રી શીપ કાર્ડ વગેરેનો લાભ મેળવતાં હોય) આ ૧ વર્ષની સેવા સારૂનો- રૂ. ૨૦ લાખનો બોન્ડ લાગુ પડે છે. સંદર્ભ (૨) થી રાજયની તમામ સંસ્થાઓને આ બોન્ડ માટેનાં નિયત નમુનાઓ પણ મોકલી આપવામાં આવેલ છે. જે અન્વયે આપની સંસ્થામાં ઉપરોકત વિધાર્થીઓ પાસેથી બોન્ડ લેવાની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ હશે.

આ બોન્ડની નીતિ અન્વયે નીચે મુજબની માહિતી મોકલી આપવા જણાવવામાં આવે છે.

Scanned by CamScanner

(૧) નવી બોન્ડ નીતિની અમલવારી સુદૃઢ રીતે થઇ શકે તે માટે આપની સંસ્થામાંથી જ કોઇ એક અધિકારીશ્રી નોડલ ઓફિસર (બોન્ડ) તરીકે નિમણુંક કરી તેઓનું નામ, હાલનો હોદ્દો, મોબાઇલ નંબર, ઇ-મેઇલ આઇડી વગેરે.

(૨) આપની સંસ્થામાં એમ.બી.બી.એસમાં અભ્યાસ કરતાં અને MYSY, MKKN તથા ફ્રી શીપ કાર્ડનો લાભ મેળવતા વિદ્યાર્થીઓની માહિતી આ સાથે સામેલ નિયત પત્રકમાં દિન-૭માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

I/c ૩૦/૧૨/૧૯

અધિક નિયામક
તબીબી શિક્ષણ અને સંશોધન
ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

(૧) વહીવટી અધિકારીશ્રી, આઇ (શખા), તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર તરફ જાણ સારૂ.

ISSUED
By..........
Date.૩૦/૧૨/૧૯

Scanned by CamScanner

<u>સંસ્થાનું નામ:-</u>

| અનું. નં | પ્રવેશનું વર્ષ | MBBSની કુલ ભરાયેલ સીટની સંખ્યા. | MYSYનો લાભ મેળવેલ વિધાર્થીઓની સંખ્યા. | મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિનો લાભ મેળવેલ વિધાર્થીઓની સંખ્યા. | ફ્રી-શીપ કાર્ડનો લાભ મેળવેલ વિધાર્થીઓની સંખ્યા. | કુલ (D+E+F) |
|---|---|---|---|---|---|---|
| (A) | (B) | (C) | (D) | (E) | (F) | (G) |
| ૧ | ૨૦૧૯ | | | | | |
| ૨ | ૨૦૧૮ | | | | | |
| ૩ | ૨૦૧૭ | | | | | |
| ૪ | ૨૦૧૬ | | | | | |
| ૫ | ૨૦૧૫ | | | | | |
| ૬ | ૨૦૧૪ | | | | | |

Scanned by CamScanner